સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓશવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૩જે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ, મું.-૯. ફોન : ૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, E-mail.:ksevasamaj@gmail.com - Website : www.kvoss.org

## સંજીવની સ્વાસ્થ્ય યોજના
## ક.વિ.ઓ. સમાજનું સુરક્ષા કવચ

સંજીવની સ્વાસ્થ્ય યોજના આ વર્ષે ૨૧ વર્ષ પૂરા કરી ૨૨માં વર્ષમાં પદાપર્ણ કરી રહી છે.

જ્ઞાતિનો એક મોટો હિસ્સો આ યોજનામાં જોડાઇ વૈદકીય ખર્ચ ક્ષેત્રે નચિંત બન્યો છે. બાકીના ઓ માટે પણ આ બાબતમાં સમાજમાં જાગૃતિ લાવવામાં સંજીવનીએ મહત્વનું યોગદાન આપ્યું છે.

આ યોજના એ ફક્ત સેવા સમાજની યોજના નથી પણ સંપૂર્ણ સમાજ માટે એક યજ્ઞ છે. જેમાં સમાજની અન્ય સંસ્થાઓ, ગામાઇ મહાજનો મંડળો, લતાવાર મહાજનો મંડળો, દાતાઓ અને અસંખ્ય કાર્યકરો જોડાયેલ છે. સમાજનાં આ ક્ષેત્રના વિમા એજન્ટો એ પણ સંપૂર્ણ સહકાર આપેલ છે.

૨૧ વર્ષની આ સફર લગભગ નિર્વિઘ્ને પાર પડી છે. અને સામાન્ય તકનીકી મુદ્દાઓ સિવાય મહદ અંશે કોઇ તકલીફ જોડાનાર સભ્યોને પડી નથી.

સેવા સમાજે ગોઠવેલ કલેઇમ માટેની વ્યવસ્થા અને ઇન્સ્યુરન્સ કંુ. અને TPA સાથેના સંપર્કોને કારણે આ શક્ય બન્યું છે.

પરંતુ આ વર્ષે ૨૦૧૭–૧૮ આ વખતે પડકારજનક રહ્યું છે.

- **આ વર્ષે પોલીસી બનાવવામાં અસહય વિલંબ થયો છે.**
- **આ વર્ષે કલેઇમ તો અમે મંજુર કરાવ્યા છે. પરંતુ મંજુર થયેલ કલેઇમની ચુકવણીમાં વિલંબ થઇ રહ્યો છે.**
- પોલીસીમાં ભુલચુક અથવા ફેરફારની નોંધણી પણ થયેલ છે. આમ થવાના કારણોમાં
- આ વર્ષે National insurance કંુ. એ નવો Software (Easy System) લાવવામાં આવ્યો જેમાં શરૂઆતની તકલીફો થઇ.
- આપણો વિમો જ્યાં છે. ત્યાંના Divisional managar ની અચાનક બદલી થતા વચ્ચેના સમયમાં ખાલીપો.
- ત્યારબાદ નવાની નિમણુંક અને Technical બાબતોમાં જાણકારી.
- Divisional officeમાં સ્ટાફ અને કોમ્પ્યુટરમાં ધાંધીયા
- વખતો વખત કલેઇમ ચુકવણીની પ્રક્રિયામાં ફેરફાર સેવા સમાજે આ બાબતોને હળવી બનાવવા હર સંભવ પ્રયત્નો કર્યા છે
- પોલીસી વિના પણ બધા કલેઇમ મંજુર કરાયા છે. Cashless Service પ્રાપ્ત કરાવી છે.
- કલેઇમો મંજુર કરાવી ચૂકવણી સુધીની તમામ પ્રક્રિયા પૂરી કરાવી છે.
- આ બધી પ્રક્રિયાઓ કરવા આપણો સ્ટાફ રોજનાં ધોરણે ઇન્સ્યુરન્સ કંુ. અને TPAમાં કાર્યરત.
- દરેક ફોરમમાં રજુઆત અને અસંખ્ય મુલાકાતો
- **જરૂરીયાતમંદો માટે મંજુર થયેલ કલેઇમ સામે લોનની સગવડ**

પરંતુ અમો જાણીએ છીએ. કે આ પ્રયત્નોનાં પરિણામો પૂરતા નથી. સેવા સમાજ પર અને અમારી અંગત વિશ્વાસનીયતા પર સમાજે ખૂબ જ મોટો ભરોસો રાખ્યો છે. હવે રીન્યુઅલનો સમય આવ્યો છે.

આ બાબતો ફેર વિચારણા માંગે છે. અને અમોએ કરી છે. મેડીકલ ઇન્સ્યુરન્સ ક્ષેત્રમાં private Co. ઓ છે. અને Public Sector Co. છે.

Private Insurance કંુ. મોટી ઉંમરનાઓ માટે વ્યક્તિગત પોલીસી આપતી નથી. Group Policy લેવાનું કહે છે આપણા આટલા વર્ષોના Claim Ratioને જોતાં કાં તો એ પોલીસી બંધ કરે અથવા નવા વર્ષે ઘણું વધુ loading લગાડે એવી શક્યતા રહેલી છે.

Public Sectorમાં Oniental સાથે આપણો અનુભવ સારો નથી. Unitedની પોલીસીમાં ઘણી બધી શરતો અને મર્યાદાઓ છે. New India નું પ્રીમીયમ National કરતા ૮૦% જેટલું વધી જાય છે.

આપણી પાસે વિકલ્પો ઓછા છે.

આપણી યોજનામાં શરૂઆતથી જોડાનારની ઉંમર ૨૨ વર્ષથી વધી ગઇ છે. નવા જોડાનારમાં યુવાનોની સંખ્યા ઓછી છે.

ગામ અને લતાનાં મહાજનો મંડળો સેવાસમાજની વિશ્વસનીયતા ઉપર પોતાના ક્ષેત્રના લાભાર્થીઓને રાહત આપે છે

અમોએ ફરી એકવાર National insurance કું. સાથે વાટાઘાટો કરી રહ્યા છીએ. એમની પાસે આવનાર વર્ષ માટે ઘણી બાંહેધરીઓ મેળવી છે અને હજુ વધારે મેળવવા પ્રયાસો જારી છે.

એમણે કલેઇમની ચૂકવણી ચાલુ કરી છે અને અઠવાડીયામાં બધા કલેઇમ ચૂકવાઇ જશે એવી બાંહેધરી આપી છે.

ટુંક સમયમાં આ યોજના માટેના દર વર્ષના પ્રિમીયમ કલેકશનની યોજનાની જાહેરાત કરવામાં આવશે. દર વર્ષની જેમ વિવિધ સેન્ટરો પર Collection કરવામાં આવશે. દર વર્ષની જેમ લતાવાર/ગામવાર મહાજનો મંડળોનો સહકાર મળી રહ્યો છે. રાહતની જાહેરાતો આવવાની શરૂ થઇ ગઇ છે. ટાઇમ ટેબલ ગોઠવાઇ રહ્યો છે.

ચાલો આપણે કોઇપણ જ્ઞાતિ માટે મિસાલ બનીયે. આપણી આ યોજનાની સફરમાં એક વધુ વર્ષ ઉમેરવા પ્રતિબધ્ધ થઇએ.

સંજીવની સ્વાસ્થ્ય યોજના એ સેવાસમાજનું જ નહીં પરંતુ સમસ્ત સમાજનું ગૌરવ.

લિ.

મનીષ દામજી ગાલા (પ્રમુખ) અશ્વિન પોપટલાલ માલદે (કન્વીનર) સંજીવની સ્વાસ્થ્ય યોજના

**શ્રી ક.વિ.ઓ.સેવાસમાજ પરિવાર**

(CLB-9764)